ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા.૦૬-૦૪-૨૦૨૫**

- પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની ધન્ય ધરા ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન તારીખ ૮ અને ૯ એપ્રિલએ અમદાવાદ યોજાશે.

પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની ધન્ય ધરા ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે આજથી ૧૦૦ વર્ષ પહેલા દેશની આઝાદીની લડાઈ માટે કોંગ્રેસની વિચારધારા યોગ્ય ગણી મહાત્મા ગાંધીજી કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા અને સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ ૨૦૨૫ છે ત્યારે તારીખ ૮ અને ૯ એપ્રિલએ ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ યોજાશે. વર્ષ ૧૯૬૧ પછી એટલે કે ૬૪ વર્ષ પછી ગુજરાત રાજ્યમાં એઆઈસીસીનું અધિવેશન મળી રહ્યું છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ કોંગ્રેસ પક્ષની સર્વોચ્ચ સમિતિ છે જેનું પ્રથમ અધિવેશન વર્ષ ૧૮૮૫માં મળ્યું હતું. વર્ષ ૧૯૩૮માં ગુજરાતમાં યોજાયેલ હરીપુરા અધિવેશનથી ભારતની આઝાદીના મુળિયા રોપવામાં આવ્યા હતા. ઐતિહાસિક હરીપુરા અધિવેશનમાં કોંગ્રેસે ભારત માટે પૂર્ણ સ્વરાજ (સંપૂર્ણ સ્વતંત્રતા) નો ઠરાવ પાસ કર્યો હતો. તારીખ ૮ એપ્રિલે ૨૦૨૫ના રોજ શાહીબાગના સરદાર સાહેબના ઐતિહાસિક 'સરદાર સ્મારક'માં સવારે ૧૧:૩૦ કલાકે મહત્વની 'કોંગ્રેસ વર્કિંગ કમિટી'ની બેઠક યોજાનાર છે.

ગુજરાતમાં યોજાનાર ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ (CWC) માં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગેજી, લોકસભા વિપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધી, કોંગ્રેસ સંસદીય પક્ષના નેતાશ્રી સોનિયા ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યોના પ્રદેશ પ્રમુખશ્રીઓ, કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યશ્રીઓ, ઉપસ્થીત રહેશે.૮૬માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં કોંગ્રેસના વિશેષ આમંત્રિત સભ્યો પણ ભાગ લેશે. તા.૮ એપ્રિલના રોજ સાંજે ૫ કલાકે પૂજ્ય બાપુના સાબરમતી આશ્રમ ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતાશ્રીઓ, કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યશ્રીઓ પ્રાર્થના સભામાં હાજર રહેશે. તારીખ ૮ એપ્રિલના રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની સહીત તમામ સભ્યો ઉપસ્થિત રહેશે. તારીખ ૯ એપ્રિલના રોજ ઐતિહાસિક સાબરમતી તટે કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. જેમાં સમગ્ર દેશમાંથી ૩૦૦૦થી વધુ ડેલીગેટ ઉપસ્થિતિ રહેશે.

સરદાર સાહેબ ગુજરાત કોંગ્રેસના પ્રથમ અને સૌથી લાંબા સમયના પ્રમુખ તરીકે રહ્યા હતા જેથી ગુજરાતમાં આયોજિત રાષ્ટ્રીય અધિવેશનનું વિશેષ મહત્વનું છે. ગુજરાત આખા દેશને શું આપશે તે અંગે લોકોમાં ઉત્સાહ છે. જે પ્રમાણે તૈયારી થઈ રહી છે તે ગુજરાત અને દેશને નવી દિશા આપશે. રાષ્ટ્રીય અધિવેશનની યજમાનીએ ગુજરાત કોંગ્રેસ માટે ખુબ જ ગૌરવપૂર્ણ બાબત છે.

- તા.૮.૦૪.૨૦૨૫: સવારે ૧૧:૦૦ કલાકે
  **કોંગ્રેસ કાર્યકારીણીની બેઠક (સીડબલ્યુસી)** - સરદાર સ્મારક, શાહીબાગ
- તા.૮.૦૪.૨૦૨૫: સાંજે ૫:૦૦ કલાકે
  **પ્રાર્થના સભા- સાબરમતી આશ્રમ ખાતે**
- તા.૮.૦૪.૨૦૨૫ સાંજે ૭:૪૫ કલાકે
  **સાંસ્કૃતિક કાર્યક્રમ, સાબરમતીના તટે** – રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર
- તા.૯.૦૪.૨૦૨૫ સવારે ૯:૦૦ કલાકે
  **રાષ્ટ્રીય અધિવેશન-** સાબરમતીના તટે, અમદાવાદ

**ગુજરાતમાં અગાઉ યોજાયેલ ઐતિહાસિક અધિવેશનોની વિગત**

| **વર્ષ** | **અધિવેશન** | **અધ્યક્ષ સ્થાને** |
|---|---|---|
| ૧૯૦૨ | અમદાવાદ | સુરેન્દ્રનાથ બેનર્જી |
| ૧૯૦૭ | સુરત | રાસ બિહારી ઘોષ |
| ૧૯૨૧ | અમદાવાદ | હકીમ અજમલ ખાન |
| ૧૯૩૮ | હરીપુરા સુરત | નેતાજી સુભાષ ચંદ્ર બોઝ |
| ૧૯૬૧ | ભાવનગર | નીલમસંજીવ રેડ્ડી. |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા